# પચરંગી પોપટનો પુસ્તક પ્રેમ



એક સુંદર મઝાનું વન હતું. તે વનમાં વિવિધ પ્રકારનાં પશુ-પંખીઓ રહેતાં હતાં. જેમાં સિંહ, વાઘ, વરૂ, હાથી, હરણાં, સસલાં, મોર, બગલા, બતક વગેરેનો સમાવેશ થતો હતો.

તે વિશાળ એવાં સુંદરવનમાં આવેલ એક રંગ-બે-રંગી ફૂલોથી ઊભરાતાં એવાં ગુલમહોરનાં વૃક્ષ ઉપર એક અતિ સુંદર મઝાનો પચરંગી પોપટ પણ રહેતો હતો. તે પચરંગી પોપટને વાંચનનો ખૂબ જ શોખ હતો. વનમાં આવેલ એક જ્ઞાનથી સમૃદ્ધ એવા ગ્રંથાલયનો તે સભ્ય પણ હતો. આથી તે જ્યારે નવરાશની પળોમાં હોય ત્યારે તે કોઈ ખૂબ જ સારું, શિષ્ટ અને સુરુચિપૂર્ણ પુસ્તક વાંચવામાં મશગૂલ બની જતો હતો. તેની આવી પ્રવુત્તિ જોઈ વનનાં પશુ-પંખીઓ તેને થોડીવાર તો ચીડવતાં પણ હતાં કે આ પચરંગી પોપટ તો નર્યો પુસ્તકિયો 'કીડો' છે, હોં. પરંતુ તે પચરંગી પોપટ પોતાનું જ્ઞાન, સાહિત્ય મેળવવાની પ્રવૃત્તિમાં જ રત રહેતો હતો.

એક દિવસની વાત છે. સંધ્યાનો સુમધુર અને આહલાદક સમય હતો. ચારે તરફ ખુશનુમા વાતાવરણ હતું. ગુલમહોરની ડાળે બેઠો બેઠો તે પચરંગી પોપટ એક જ્ઞાનમય, સુંદર પુસ્તકનું અધ્યયન કરી રહ્યો હતો. બરોબર આવા સમયે તે ગુલમહોરનાં વૃક્ષ નીચે તે વનનો રાજા સમશેરસિંહ પસાર થયો. સહસા તેની નજર વૃક્ષ ઉપર બેસીને સુંદર પુસ્તક વાંચી રહેલ એવાં પચરંગી પોપટ ઉપર પડી. ઘડીભર તો તે સિંહ વિચારવા લાગ્યો કે ખરેખર તે પચરંગી પોપટ જ્ઞાની છે, હોં. અરે તેના ચહેરા ઉપર કેવું સુંદર તેજ ઝગારા મારી રહ્યું છે. આંખો ઉપર ગોલ્ડન ફ્રેમના નાના ચશ્માં તેણે પહેર્યા છે. આથી ખરેખર તે એક જ્ઞાની પંડિત સમાન લાગી રહ્યો હતો. થોડીવાર રહી તે સિંહ બોલ્યો : 'અરે ઓ પચરંગી પોપટજી, તમો કયું પુસ્તક વાંચી રહ્યા છો ?'

અચાનક સિંહનો અવાજ સાંભળી ઘડીભર પચરંગી પોપટ મુંઝાઈ ગયો. બાદમાં તે બોલ્યો : 'મહારાજ, હું 'જીવન' અંગેનું પુસ્તક વાંચી રહ્યો છું. પુન: સિંહ બોલ્યો : 'તે પુસ્તકમાં

શું આવે છે ? ' ફરી પચરંગી પોપટ બોલ્યો: 'મહારાજ, આ પુસ્તકમાં આપણને જીંદગી કઈ રીતે જીવવી, કઈ કઈ મુશ્કેલીઓ આવે તો તેનો સામનો કઈ રીતે કરવો, તેમજ જીવનમાં સફળતા મેળવવા માટે શું શું કરવું જોઈએ તે બધું જ આ પુસ્તકમાં આવે છે. ' આ સાંભળી સિંહને તો બહુ જ રસ પડયો. તેને લાગ્યું કે લાવ આ પુસ્તક હું વાંચવા માટે લઈ જાઉં. આમ વિચારી તે બોલ્યો : 'મિત્ર પોપટજી, તમો મને એકાદ દિવસ આ પુસ્તક વાંચવા માટે આપશો કે ? કાલે હું તમોને તે પુસ્તક પાછું પરત આપી દઈશ, હો. ' આ સાંભળી પચરંગી પોપટને ખૂબ જ સારૂં લાગ્યું, હા. વનના સિંહરાજાને પણ પુસ્તક વાંચવાનો શોખ જાગ્યો છે, હોં. આમ વિચારી તેણે તે પુસ્તક સિંહને વાંચવા માટે આપ્યું. જે લઈને સિંહરાજા તુરત તેમની ગુફા તરફ ઝડપભેર ચાલવા લાગ્યો. હા, તે પુસ્તક વાંચવાની તાલાવેલી તેને ખૂબ જ થઈ હતી. અને...અને...સિંહરાજાએ આખી રાત જાગીને તે પુસ્તક પૂરૂં કર્યું, ત્યારે તેના ચહેરા ઉપર અનેરો આનંદ છલકાઈ રહ્યો હતો. હા, ખરેખર તે પુસ્તક શ્રેષ્ઠ, ઉચ્ચ અને ઉમદા વિચારો ધરાવતું હતું, હોં.

બીજા દિવસે તે પુસ્તક લઈને સિંહરાજા પચરંગી પોપટના વૃક્ષ પાસે પહોંચી ગયા. અને પછી તેને પુસ્તક આપતાં જ તે બોલી ઊઠયો, 'મિત્ર, ખરેખર આ પુસ્તક તો જીવનમાં ઉતારવા જેવું છે, હોં. બીજું, તમો આવાં બધાં પુસ્તક ક્યાંથી લઈ આવો છો ? ' આ સાંભળી પચરંગી પોપટ બોલ્યો : 'મહારાજ, આપણા જ વનમાં આવેલ એક ગ્રંથાલયમાંથી તે પુસ્તક હું લઈ આવું છું. ' આ સાંભળી સિંહરાજાને નવાઈ લાગી. પછી તે બોલ્યા, 'આપણા વનમાં આવું સુંદર મઝાનું ગ્રંથાલય પણ આવેલ છે કેમ ? તો તો ચાલો મારે તે ગ્રંથાલયમાં જવું જ પડશે.' આમ બોલી તેણે પચરંગી પોપટને ગ્રંથાલય તરફ ચાલવા કહ્યું.

હા તે સુંદર મજાનાં વનમાં એક જ્ઞાનથી સમૃદ્ધ ગ્રંથાલય પણ આવેલું હતું. તે ગ્રંથાલયમાં વિવિધ વિષયોનાં હજારોની સંખ્યામાં જ્ઞાનથી સમૃદ્ધ અને તૃપ્ત કરતા ગ્રંથો, પુસ્તકો સુવ્યવસ્થિત રીતે કબાટોમાં, રેકમાં ગોઠવાયેલ હતાં. સિંહરાજાએ ગ્રંથાલયમાં પ્રવેશ કર્યો. તે સાથે જ ગ્રંથાલયના કમ્પાઉન્ડમાં મઘમઘતા સુંગધિત રંગ-બે-રંગી ફૂલોની ખુશબોથી સિંહરાજાના મનોજગતમાં રોમાંચ ખડો થઈ ગયો. પચરંગી પોપટની આગેવાની હેઠળ સિંહરાજાએ વિધિસર ગ્રંથાલયમાં પ્રવેશ કર્યો. ગ્રંથાલયની સુઘડતા સ્વચ્છતા તેમજ ત્યાંની ચોખ્ખાઈ જોઈ સિંહરાજા અતિ પ્રભાવિત થઈ ઊઠ્યા. બાદમાં ગ્રંથપાલની રજા લઈ તેઓ ગ્રંથભંડારમાં પ્રવેશ્યા. ગ્રંથભંડારમાં પુસ્તકોની વિષયવાર, લેખકવાર ગોઠવણી જોઈ સિંહરાજાને આનંદ થયો. બાળવિભાગ, ધાર્મિક-વિભાગ, નવલકથાવિભાગ, ઈતર સાહિત્ય એમ અલગ અલગ વિભાગોમાં પુસ્તકો ગોઠવાયેલાં હતાં.

આગળ જતાં વાંચનાલય ખંડ આવતો હતો. જેમાં દુનિયાભરમાંથી પ્રસિધ્ધ થતાં દૈનિક પેપરો, સામયિકો વગેરે પણ ફાઈલમાં સુંદર લાગી રહ્યાં હતાં. સભ્ય સંખ્યા પણ વિશાળ હતી. આવું અદ્દભૂત વાતાવરણ જોઈ સિંહરાજા તો તુરંત તે ગ્રંથાલયના સભ્ય બની ગયા – આજીવન સભ્ય.

બીજા જ દિવસે તે સુંદરવનમાં સિંહરાજાએ દરેક પશુ-પંખીઓની સભા બોલાવી અને પછી તે ગ્રંથાલય વિશે સઘળી હકીકત કહી સંભળાવી. હા, પોતે તે ગ્રંથાલયથી કેટલા બધા પ્રભાવિત થયા હતા તે પણ કહ્યું. આ સાંભળી તે વનનાં પશુ-પંખીઓ તો રાજીના રેડ થઈ ઊઠયાં. અને પછીના દિવસે પશુ-પંખીઓ તે ગ્રંથાલયના કાયમી સભ્ય બની ગયા. અને આમ તે સુંદર વન દિન-પ્રતિદિન સફળતાના અને જ્ઞાનના શિખરો સર કરતું ગયું.

લેખક : શૈલેષ કે. રાયચુરા